## ટ્રેક નં. ૫૩ : પાત્રતા વિષે

* રત્નત્રય માટે શું પાત્રતા જોઈએ? થઈ જાઓ તૈયાર. પ્રશમમૂર્તિ જ્ઞાની બેનશ્રી પાસેથી સાંભળી આપણે પણ પાત્રતા કેળવીએ.

* માંગલિક :

ભક્તિ :　　સુપાત્રને ગોતવાની એ તુજ એંધાણી,
　　　　સ્વમાં જેનો નિવાસજી,
　　　　અવિચલ આત્માના ધ્યાન ધરીને રહે,
　　　　ધ્રુવપદ નિશાની એની ખાસજી. એજી

* **પ્રશ્ન : સમ્યગ્દર્શનકી પાત્રતા ક્યા હોની ચાહિયે?**

● ઉત્તર : પાત્રતામાં તો ઐસી ભાવના હોવે. મૈં કૈસે આત્માકો પ્રગટ કરું? મૈં કૈસે આત્માકો પિછાનું? વિભાવમેં ચૈન ન પડે બહારમેં કાંઈ ચૈન ન પડે. બહારમેં ઉપયોગ બહાર જાય ઈસમેં ચૈન ન પડે. વિભાવમેં ક્યાંય ચૈન ન પડે. એને આત્મામેં સુખ ઓર શાન્તિ મેરે ભીતરમેંસે કૈસે આ જાયે? ઐસી બહોત ભાવના મેરે આત્મા કૈસે પ્રગટ હો? ઐસી જિજ્ઞાસા, ચૈતન્ય જ્ઞાયકકી મહિમા, મૈં જ્ઞાયકકો કૈસે પિછાનું? ઈસકી મહિમા, દેવ-ગુરુ-શાસ્ત્રકી મહિમા, બારંબાર ઈસકા અભ્યાસ, તત્વ વિચાર, શાસ્ત્ર અભ્યાસ, ઈસમેં મૈં આત્માકો કૈસે પિછાનું? પ્રયોજનભૂત આત્મા. જ્યાદા જાનનેકો જાતા ઐસે મૈં પ્રયોજનભૂત આત્મા, જ્ઞાયક ઈસકો કૈસે પિછાનું? ઈસકા બહોત ઈસકી ભાવના જિજ્ઞાસા લગની ચાહિયે. ૧.

* **પ્રશ્ન : પાત્ર શિષ્યના મુખ્ય-મુખ્ય લક્ષણો સંબંધી થોડું માર્ગદર્શન આપો.**

● ઉત્તર : પાત્ર એટલે અંતરથી એને આત્માની લગની જ લાગી હોય. મને એક ચૈતન્ય જ જોઈએ છે. બીજું કાંઈ નથી જોઈતું. એને આત્મા, આત્મા, આત્માનું જ જેને પ્રયોજન છે. દરેક

કાર્યમાં એને આત્માનું જ પ્રયોજન હોય છે. બીજું બધું પ્રયોજન એને ગૌણ થાય છે. એક આત્માને મુખ્ય રાખીને એના દરેક કાર્ય હોય છે. શુભ ભાવના કાર્ય હોય તો એને આત્માનું પ્રયોજન હોય છે. બીજું બહારનું કોઈ પ્રયોજન એને હોતું નથી. એને શુભ ભાવના હોય તો દેવ, ગુરુ, શાસ્ત્રની પ્રભાવના કેમ થાય. એવા શુભ ભાવમાં એને ઈ આવે છે. આ તો એને આત્માનું જ પ્રયોજન સાથે હોય છે. બીજું કોઈ પ્રયોજન નથી હોતું. એમાં કોઈ લૌકિક પ્રયોજન કે એવું કોઈ પ્રયોજન એને સાથે હોતું નથી. એ લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો એની લગની એને આત્માની જ લાગી હોય છે. એ લૌકિકનું કોઈ બહારનું કે કોઈ મોટાઈનું કે બહારનું કોઈ પ્રયોજન એને હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય, એ એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. અને જેણે સાધના કરી, એવા ગુરુ એવા ઉપકારી ગુરુ, જિનેન્દ્રદેવ શાસ્ત્ર, એની કેમ પ્રભાવના થાય. જેણે પોતાની પ્રતીતિ કરી, જેણે માર્ગદર્શન આપ્યું હોય, જેણે માર્ગ બતાવ્યો હોય, જેનો પરમ ઉપકાર છે એની કેમ પ્રભાવના થાય? એવો હેતુ હોય છે. બાકી બીજો કોઈ હેતુ એને હોતો નથી. પાત્ર જીવોને એવું લક્ષણ છે. બીજું બધું એને ગૌણ થઈ જાય છે. એક આત્મા જ મુખ્ય રહે છે. ૨.

**✻ પ્રશ્ન : પાત્રતા પ્રગટ કરી એ વ્યવહારમાં આવે છે કે શ્રીમદ્જીમાં પાત્રતા વિષયમાં આત્માર્થીના લક્ષણ આવે છે ? એ પાત્રતા પ્રગટ કરવી, એ આત્મ તત્વ વિશેષ વિષે છે કે એ વ્યવહારમાંય એ જાતનો ભાવ આવે છે ?**

● ઉત્તર : એ છે તો વ્યવહાર, પણ એમાં આત્માનું લક્ષ હોવું જોઈએ. નિશ્ચય તો એક વસ્તુ મૂળ શુદ્ધાત્મા એ નિશ્ચય છે. એમાં વચ્ચે વચ્ચે જે ભાવો ભેદના ભાવ આવે એ બધું વ્યવહાર છે. પણ એ વ્યવહાર કઈ જાતનો છે એ સમજવાનું છે. ઈ નિશ્ચયના લક્ષપૂર્વકનો વ્યવહાર હોય, વચ્ચે સાધનાક્રમ આવે છે ઈ પણ

વ્યવહાર છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના ભેદો પડે ઈ પણ વ્યવહાર છે. પણ ઈ સાધના તો વચ્ચે આવ્યા વગર રહેતી જ નથી. મૂળ વસ્તુ શુદ્ધાત્માને ઓળખ. એમાં દર્શન પ્રગટે. જ્ઞાન પ્રગટે, ચારિત્ર પ્રગટે એ બધા વ્યવહારના ભેદો છે. પણ એની સાધના તો વ્યવહારમાં એવા ઈ સાધના તો વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતું જ નથી. પણ નિશ્ચયપૂર્વકનો વ્યવહાર, કે એ આત્માનું યથાર્થ લક્ષ્ય કરીને યથાર્થ આત્માને લક્ષમાં લે અને જે ગુણો પ્રગટે, તે બધો વ્યવહાર જ છે. ગુણોની પર્યાયો પણ. એમ શરૂઆતમાં જે પાત્રતા ને એ બધો વ્યવહાર છે. એક મૂળ અભેદ વસ્તુ સિવાયનું જે જે ભેદો પડે, બધા વ્યવહાર છે. એમાં સદ્ભૂત વ્યવહાર, અસદ્ભૂત વ્યવહાર બધા વ્યવહારો છે. વચ્ચે જે ભેદ પડે, પાત્રતા આવે, ઈ પણ વ્યવહાર છે. પણ એ પાત્રતા એવી હોવી જોઈએ આત્માના, આત્મા જેમાં પ્રગટ થાય, એવી પાત્રતા. ૩.

**✻ પ્રશ્ન : પાત્રતા ન હોય તો આત્મજ્ઞ ન થવાય, આગળ ન જવાય એ સાચું છે?**

● ઉત્તર : સાચું છે. ૪.

**✻ પ્રશ્ન : પાત્રતા માટે વિશેષ પ્રયત્ન રાખો. એવી પાત્રતામાં કેવી વિશેષતા હોવી જોઈએ ?**

● ઉત્તર : એટલે કે પોતે આત્માને ગ્રહણ કેવી રીતે કરવો? એને માટે થઈને પાત્રતા વિશેષ. કોઈ જાતની તન્મયતા ન થાય, આત્માને જો. આત્માની મહિમા ચૂકીને બહારની મહિમા ન આવે. બહારની કોઈ આશ્ચર્યભૂત વસ્તુ ન લાગે. એક આત્મા જેને આશ્ચર્ય લાગે, બહારની કોઈ ચીજ આત્મા કરતા કોઈ વધી ન જાય. એક આત્મા જ મારું સર્વોત્કૃષ્ટ છે. આત્મા સિવાય દેવ, ગુરુ, શાસ્ત્ર અને એક આત્મા એના કરતાં કાંઈ વિશેષ લાગે નહીં. વિશેષ કોઈ એવાં નિષ્પ્રયોજનમાં વિશેષ એમાં એકત્વ થઈ જાય, તન્મય થઈ જાય. બહારના કોઈ કોઈક પ્રસંગોમાં કષાયોના રસમાં એકત્વ વિશેષ

તન્મય થઈ જાય. વિશેષ. એ બધું આત્માર્થીને જેણે આત્માનું પ્રયોજન છે બધું એને મંદ પડી જાય છે. અનંતાનુબંધીનો રસ બધો મંદ પડી જાય છે. તત્વ કેમ ગ્રહણ થાય? એ જ જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. બહારની બધેય તન્મયતા—ક્યાંય તન્મયતા વિશેષ ન થઈ જાય. આત્મા જ ધ્યેય, આત્માને છૂટીને વિશેષપણે કાંઈ રસ નહીં. ક્યાંય સાંસારિક કાર્યોમાં એને રસ વધારે પડતો આવી જાય. આત્માનું, આત્મા જ જેને પ્રયોજનભૂત રહે છે. એ આવે છે ને વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. ક્યાંય રાગમાં ખેંચાય નહીં, ક્યાંય દ્વેષમાં જે એકદમ જે ખેદાઈ જાય એવું થાય નહીં. બધામાં થાય. (પણ) મધ્યસ્થ રહે. સમ્યક્‌દૃષ્ટિને બધું છૂટી નથી જતું પણ બધો રસ તૂટી જાય છે બધું મર્યાદા થઈ જાય છે. સમ્યગ્દૃષ્ટિ જુદો પડી જાય છે. ભેદજ્ઞાન થાય એટલે છુટ્ટો પડી જાય છે ને એને તો બધું મર્યાદામાં આવી જાય છે કે અનંતાનુબંધીનો રસ છે એને છૂટી ગયો અને ન્યારો થઈ ગયો એટલે એને ભેદજ્ઞાન થઈ ગયું. વધારે પડતો એ તો જુદો જ રહે છે. એકત્વ થાતું નથી. એવી રીતે એ જુદો રહે છે. પાત્રતામાં પણ એમાં એના વિકલ્પ, કોઈ જાતનો વધારે પડતો તન્મય થાતો નથી. એને પણ ભાવના તો આત્માની જ છે. આત્માનું જ પ્રયોજન મુખ્ય રહે છે. એને પ્રયોજન મુખ્ય છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાયકતાની ધારા ચાલે છે. આને આત્મા પ્રગટ કરવો છે. માટે રસ બધેથી છૂટીને વિશેષ ક્યાંય તન્મય થાતો નથી. કોઈ વિકલ્પોમાં, કોઈ બહારના કાર્યોમાં કોઈ જાતના રસ વિના, વિશેષ તન્મય થાતો નથી. કાર્યમાં જોડાય પણ રસમાં તન્મય થાતો નથી. આત્માનું પ્રયોજન જ એને મુખ્ય રહે છે કષાયની ઉપશાંતતાનો મેળ હોય છે. સરળતા બધાને મેળ હોય છે. વધારે પડતો ક્યાંય લેપાતો નથી. એના આંતરિક એના પરિણામ સમજી શકે. વધારે પડતો ક્યાંય લેપાતો નથી. ક્યાંય એને આત્માને છૂટીને વિશેષતા થાતી નથી. એને બસ! મારો આત્મા જ બસ, આત્મા મને

ન મળે તો, આ બાજુ આત્મા જ કેમ મળે? એજ એની ભાવના છે. આ બધું નિસાર, એને ક્યાંય રસ પડતો નથી. ૫.

● બહેનશ્રી : વિશેષ રસ એને ક્યાંય હોતો નથી, તો ત્યાં સુધી આત્મામાં કાંઈ અધૂરી પર્યાયો હોય તો એ લક્ષમાં લઈને કે હંમેશા સાધક એમ જ કહે છે કે હું અધૂરો છું. જ્યાં સુધી દ્રવ્યદૃષ્ટિ પૂર્ણ છે. પણ એમાં પર્યાયની પૂર્ણતા નથી થઈ ત્યાં સુધી અધૂરાશ છે. ઈ અધુરાશ છે. માટે બધે ઠેકાણે આરોપ કરે છે કે મારે બધે ઠેકાણે અધૂરાશ જ છે કે હું દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય શાશ્વત ભરેલું છે એમાં હું પૂરો નથી પહોંચી શકતો. હે પ્રભુ! ભગવાન આગળ, ગુરુ આગળ હે પ્રભુ ! હું અધૂરો છું. હું બધે ઠેકાણે અધૂરો છું. એમ સાધકોની રીત આ હોય છે. ૬.

* બહેનશ્રી : હે પ્રભુ! તમારા પાદ પંકજ રહીએ. હંમેશા આચાર્યો પણ ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે મોટા આચાર્યો હે પ્રભુ! મને બોલવાની ટેવ આચાર્યોની જેમ બોલું છું. જેમ ઓલા પંખી ઓલા એના ઓલામાં બેઠા બેઠા જેમ બોલ બોલ કરે પક્ષીઓ એમ બોલબોલ કર્યા કરે. એમ આ તમારી ભક્તિ કરું છું. મને કાંઈ આવડતું નથી. ઓલા બાળકને હાથથી આવડું મોટું હાથ એમ તમારા સમુદ્ર જેટલા ગુણો હાથેથી બતાવું છું એવા તમારા ગુણો ગાવા માટે હું શક્તિમાન નથી. એમ આચાર્યો કલ્યાણમંદિર સ્તોત્રમાં, ભક્તામરમાં કહે છે. તમારા ગુણ ગાવાને શક્તિમાન નથી. હું કેમ ગાઈશ? ન જાણે.

‘ભક્તિ તમારી બળથી મને વેદાવે’ શાસ્ત્રમાં અજ્ઞાની જાણીને પણ હું તો તમારી ભક્તિને લઈને બોલું છું. મહા સમર્થ આચાર્ય આમ બોલે છે. મને અજ્ઞાની ગણશો. અરે! આચાર્યની ક્યાં શક્તિ? પોતાની અધૂરાશને આગળ રાખે છે. તે છતાં પર્યાયમાં પામર છે એમ કહ્યું આ બધાની દૃષ્ટિ પર ઉપર હોય છે. એણે જેટલું સાધ્યું, જે છે એની પર દૃષ્ટિ હોતી નથી. એની દૃષ્ટિ હંમેશા ઉપર હોય છે

કે મારે આ બાકી છે કરવાનું. સાચા હૃદયથી કહેતા હોય છે. શામ, દામ અને ઠામની તોલે નીચે નમતા હોય છે. દૃષ્ટાંત દે છે વડ હોય ને ઉપર જાય ને તો આમ ટટ્ટાર હોય અને આંબા હોય એ નીચા નમે. ૭.

❀ બહેનશ્રી : ક્ષમા, માર્દવ, આર્જવ, તપ મળીને ૧૦ ધર્મ સૌ મુનિ આરાધતા એ ક્ષમા, માર્દવ, આર્જવ સબ મુનિ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમતા હૈ. વહ મુમુક્ષુ જિજ્ઞાસુ કી ભૂમિકામેં વો પાત્રતા રૂપ હોતા હૈ. પાત્રતામેં ઐસા આતા હી હૈ કિ મુમુક્ષુ ભૂમિકામાં અશુભ તરફ જાય શુદ્ધ આત્માકા ધ્યેય રખે ઔર અશુભભાવ ઉસમેં આતા હી નહીં. ઐસી પાત્રતામેં આતા હૈ. ૮.

ભક્તિ : હે.... પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન (૨)

❀ બહેનશ્રી : પાત્ર વિના વસ્તુ ન રહે. પાત્રે આત્મિક જ્ઞાન, પાત્રતા કેળવવી જોઈએ. જ્ઞાયક સ્વભાવ મેરેમેં કૈસે પ્રગટ હોય, ઐસા ધ્યેય રહતા હૈ ઔર ઐસા શુભ ભાવ બીચમેં આતા હૈ, વો સબ પાત્રતામેં આતા હૈ તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર માયા, તીવ્ર અનંતાનુબંધી ઐસી તીવ્ર રસરૂપે રહતા હી નહીં. સબ મંદ હો જાતા હૈ. જિસકી રુચિ આત્મા તરફ જાતી હૈ તો સબ મંદ હો જાતા હૈ. વો દેવ ગુરુ શાસ્ત્રકી મહિમા, શુદ્ધાત્માકા ધ્યેય ક્ષમા, આર્જવ, માર્દવ સબ ભૂમિકામેં આતા હૈ.

મુનિ તો ચારિત્રદશામેં છટ્ઠે સાતવે દશામેં ઝૂલતા હૈ. ઉસકી તો આરાધના પ્રગટ હૈ. સમ્યગ્દૃષ્ટિકો ભી હોતા હૈ ઔર પાત્રતામેં ભી આતા હૈ, શાસ્ત્રમેં આતા હૈ કિ હમકો તીસરી ભૂમિકામેં જાનેકો કહેતા હૈ. ઈસલિયે અશુભમેં જાનેકો નહીં કહતા હૈ. વો શુભભાવ પુણ્યબંધકા કારણ હૈ. શુદ્ધાત્માકી ભૂમિકાકો પ્રગટ કરો યે સબમેં, એટલે બીચમેં શુભભાવ. ૯.

● બહેનશ્રી : શ્રદ્ધા યથાર્થ કરે. પહલા પ્રયત્ન શ્રદ્ધામેં પ્રતીતિ

દઢ કરવી. પણ એમાં તીવ્ર કષાયો હોય એ જેમ થાય એમ થાવા દ્યો એવું ન હોય, એનું હૃદય ભીંજાયેલું હોય. એને અંદરથી ડર હોય. 'ભવે ખેદ'–ખેદ છે. પ્રાણીદયા એમ હોય. પછી એને થાય એને પછી એમ કહે કે મારે શ્રદ્ધામાં વાંધો નથી. એમ એક બચાવ કરે એ જુદી વાત છે. બાકી એને અંદર જેમ થવું, થવા દેવું, શ્રદ્ધા દઢ કરો, એવું ન હોય. ૧૦.

*** પ્રશ્ન : સાથે મંદકષાય શરૂઆતમાં થાય ?**

● ઉત્તર : એ તો હોય, પાત્રતામાં હોય એને કષાયમાં જોડાઈ જવાય પછી એને એમ લાગે કે આ કષાયમાં જોડાઈ ગયા, અસ્થિરતા છે પણ એને એવો અભિપ્રાય ન હોય કે જેમ થાય એમ થાવા દેવું.

જે ઊપડે એમ કહે કે ત્યાગવા જેવું તો બધું છે. પણ એ મારાથી અત્યારે થઈ નથી શકતું. પહેલાં શ્રદ્ધા ને દઢ કરું તો માર્ગ મળે તો એને કઈ રીતે આ બધું છુટે ? એની દોરી હાથમાં આવે કે હું શ્રદ્ધા દઢ કરે કે આ રસ્તે જવાનું છે આ જ્ઞાયકને રસ્તે. જ્ઞાયકની પ્રતીત દઢ કરું તો એમાં આ બધું કેમ છૂટે લીનતા દ્વારા. એમાં માર્ગ મળે છે. વિભાવ તો આખો ટાળવા જેવો છે. એના શ્રદ્ધામાં એમ આવવું જોઈએ કે વિભાવ તો બધો ટાળવા જેવો જ છે. પહેલા પ્રતીત દઢ કરે એટલે કે પછી એને માર્ગ મળે. એટલે સહેજે એને માર્ગ મળે એટલે ટાળવાના પ્રયત્ન નો એને માર્ગ મળે છે. પહેલા એને ટાળવા જાય તો માર્ગ નથી મળતો. હઠ કરી કરીને ટાળવા જાય તો ટળતું નથી. માર્ગ દ્વારા ટળે એનો ક્રમ એ છે કે પહેલા એને શ્રદ્ધા દઢ થાય તો ટળે માટે પહેલા શ્રદ્ધા દઢ કરવાનો પ્રયત્ન કરે. પણ ટાળવા જેવું તો બધુંય છે. ૧૧.

*** પ્રશ્ન : એની પણ શ્રદ્ધા હોવી જોઈએ કે વિભાવ ટાળવા જેવો છે?**

● ઉત્તર : બધું ટાળવા જેવું તો બધુંય. જરા વિભાવ તો જરાય રાખવા જેવું જ નથી. ૧૨.

✻ પ્રશ્ન : ઈ પણ શ્રદ્ધામાં આવી જાય.

● ઉત્તર : શ્રદ્ધામાં જેની પ્રતીતિ દૃઢ થાય ત્યારે જ્ઞાયક તે જ્ઞાયક પણ એમાં જ્ઞાયકની પ્રતીતમાં ટાળવા જેવું બધું છે. એ એને શ્રદ્ધામાં આવી જાય એમ. પછી ના છૂટે પુરુષાર્થની મંદતાએ જુદી વાત છે પણ એની શ્રદ્ધામાં આવી જાય છે ટાળવા જેવું બધું છે. વિભાવ બધો ટાળવા જેવો છે. એક અંશે રાખવા જેવો નથી. એક કણું આંખમાં ન સમાય, એમ કાંઈ રાખવા જેવું નથી. એવી એની જ્ઞાયકની પ્રતીતિ કરે, એની દૃઢતામાં. ઈ આવી જાય છે. કે આ બધાં વિભાવોથી હું જુદો જ્ઞાયક છું. આ બધું કાંઈ એને પોષાતું નથી. વિકલ્પની જાળ પોષાતી જરાય નથી. પણ પુરુષાર્થની મંદતાએ એમાં ઊભો છે. અને પોષાતું જરાય નથી. હવે ક્યારે હું આત્મામાં લીન થઈ જાઉં અને આ છૂટી જાય. એવી અંદરથી ભાવના હોય. ૧૩.

✻ પ્રશ્ન : સહેજે શ્રદ્ધાનું ઠીક કરતા કષાયનો ખેદ તો સહેજે થાય?

● ઉત્તર : એ તો શ્રદ્ધામાં તો હું જ્ઞાયક છું પણ આ ટાળવા જેવું તો બધુંય છે કંઈ રાખવા જેવું કાંઈ નથી. પણ દૃષ્ટિ અપેક્ષાએ એમાં એમ ખેદાઈ જાય કે એને આકુળતા થઈ જાય એને એમ હતાશ થઈ જાય એમ નથી કરતો કે હું જ્ઞાયકની દોરી મારા હાથમાં છે. મને માર્ગ મળ્યો છે. તો હું પુરુષાર્થને દૃઢ કરીને આગળ જવાનો છું. એમ એને હૂંફ રહે છે. ખેદ રહે છે કે અરે! મારા પુરુષાર્થની મંદતાએ હું આ ગૃહસ્થાશ્રમમાં ઊભો છું. ધન્ય મુનિ દશા કે જે ક્યારે હું આત્મામાં લીન થાઉં? એવી ભાવના રહે છે. ૧૪.

✻ પ્રશ્ન : સાચા શ્રદ્ધાના પુરુષાર્થમાં ઈ આવી જ જાય છે?

● ઉત્તર : ઈ આવી જાય છે. ૧૫.

* પ્રશ્ન : સિદ્ધ થવાનો ભાવ આવે પણ ઈ પણ શ્રદ્ધા જ છે ને! વિભાવ બધું ટાળી નાખવાનું?

● ઉત્તર : શ્રદ્ધા છે, ઈ બધું શ્રદ્ધા છે ઈ. જ્ઞાયક દૃઢ કરી, જ્ઞાયકની પ્રતીતિ ને જ્ઞાયકમાં લીન થઈ જાય ઈ જ માર્ગ છે. ને ટાળવા જેવું બધું છે મન-વચન-કાયાથી બધું—બધું નવ નવ કોટિ ત્યાગ એને શ્રદ્ધામાં થઈ ગયો છે. ત્યાગ ઈ થયો નથી. અંદર પુરુષાર્થ ને નિર્ણય પ્રતીતની અંદર નવ નવ કોટિ બધો ત્યાગ દૃષ્ટિમાં આવી ગયો છે. ૧૬.

* પ્રશ્ન : એકત્વમાં તો બેય દોષ સાથે ચાલે છે.

● ઉત્તર : એકત્વમાં બેય દોષ સાથે. પછી એમાં એને જે જેમ ખતવવું હોય એમ જ્યાં પોતાને પોતાનું જોવાનું છે. આગળ ન જઈ શકે ને જોડાઈ જાય અમુક કષાયોમાં તો એ પોતે કેમ ખેદ કરીને કેમ આગળ જાવું એ પોતા ઉપર રહે છે. શુષ્ક ન થઈ જવાય ઈ ધ્યાન રાખવું. પ્રતીતને દૃઢ કરવી. માર્ગ તો ઈ જ છે પહેલાં પ્રતીત દૃઢ કરવાનું, સાથે લીનતા, પણ ક્રમ એમ છે. પણ પોતે એનો વિચાર કરે. ને પોતે પોતાની કેવી જાતની પરિણતિ પોતે એ નક્કી કરવાનું છે. ૧૭

* પ્રશ્ન : શુષ્કતા આવી ન જાય એ એને જોવાનું છે.

● ઉત્તર : એ જોવાનું છે. હૃદય એનું ભીંજાએલું હોવું જોઈએ. રાગની એકત્વબુદ્ધિ ને રાગનો રસ હોય ત્યાં આત્મામાં જઈ શકતો નથી. એનું ભેદજ્ઞાન કરે કે આ રાગ તે મારું સ્વરૂપ નથી. આ વિભાવ છે, કષાય છે, આકુળતારૂપ છે. એમ અંતરમાંથી શ્રદ્ધા આવે તો પોતામાં જઈ શકે છે. એકત્વબુદ્ધિનો રાગ, પર પદાર્થો પ્રત્યે જેને રાગ છે, રસ છે. રાગનું જીવન જેને રુચે છે. રાગમાં જેને રસ, રાગનું જીવતર જેને રુચે છે તે આત્મામાં જઈ શકતો નથી. રાગ વગરનું જીવતર-મારા આત્મામાં રાગ જ નથી. હું તો વીતરાગી આત્મતત્વ, નિરાગી તત્વ, હું આકુળતા વગરનો આત્મા, નિર્વિકલ્પ

છું. એવી જાતની જેને શ્રદ્ધા, એવા આત્માની મહિમા આવે, તો આત્મામાં જઈ શકે. એકત્વબુદ્ધિના રાગની વાત છે. પછી એ અંતરમાંથી શ્રદ્ધામાંથી છૂટી ગયો અને જ્ઞાયકરૂપ પરિણતિ થઈ. પછી અલ્પ રહે છે. એ અલ્પ પુરુષાર્થની મંદતાએ રહે છે. એ તો છૂટી જાય છે. એની શ્રદ્ધામાં નથી. એને નિરસતા આવી ગઈ છે. વિભાવની પરિણતિ આવે તો એને નીરસ થઈ ગયો છે. માટે પછી લાંબો ટાઈમ ઈ પરિણતિ એની ટકતી નથી. વિભાવ થાય ને એમાં નીરસતા લાગે. અંતર આત્માની જિજ્ઞાસા થાય એને વિભાવનો રસ છૂટી જાય છે અંતરમાંથી, જિજ્ઞાસારૂપે એની ભાવનારૂપે છે, ખરું તો અંતરમાંથી છૂટે છે, જ્યારે જ્ઞાયકની પરિણતિ પ્રગટ થાય ત્યારે છૂટે છે. અંતરમાંથી ભેદજ્ઞાન થઈને છૂટે, એ વાસ્તવિક છૂટે છે. પહેલાં એને ભાવનારૂપે, જિજ્ઞાસારૂપે એ છૂટે છે. ૧૮.

જય હો. વિજય હો ભગવતી માતનો જય હો.